પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૭૮ | ૨૯ મે, ૨૦૨૨, રવિવાર; વૈશાખ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦


# સહકારી ક્ષેત્ર આત્મનિર્ભર ભારતની ઊર્જા છે : મોદી

## ગાંધીનગરના મહાત્મા મંદિરમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની ઉપસ્થિતિમાં યોજાયું ભારતનું સહકારી ક્ષેત્રનું સૌ પ્રથમ મહાસંમેલન-“સહકારથી સમૃદ્ધિ” : અસહકારથી સહકાર સુધીની યાત્રા સમૃદ્ધિના દ્વાર ખોલશે : પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી





ગાંધીનગર તા ૨૮

ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે, સહકારી ક્ષેત્ર આત્મનિર્ભર ભારતની ઊર્જા છે. આત્મનિર્ભર ભારતના નિર્માણમાં ગ્રામીણ ક્ષેત્રનું આત્મનિર્ભર હોવું આવશ્યક છે. ભારતના ગામડાઓને મોડેલ કો-ઓપરેટીવ વિલેજ બનાવવાની દિશામાં આપણે આગળ વધી રહ્યા છીએ, ગુજરાતના છ ગામોમાં સંપૂર્ણ કો-ઓપરેટીવ વ્યવસ્થા અમલી કરીને આ ગામોને મોડલ કો-ઓપરેટીવ વિલેજ બનાવાશે.

ગાંધીનગરના મહાત્મા મંદિરમાં ભારતના સહકારી ક્ષેત્રના સૌ પ્રથમ એવા સહકારી મહાસંમેલન- “સહકારથી સમૃદ્ધિ”માં ઉપસ્થિત સહકારી ક્ષેત્રના આગેવાનો અને વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયેલા ભારતભરના કિસાનોને સંબોધન કરતાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે, ભારત સરકાર દેશના કિસાનોના હિતમાં જે પણ કરવા યોગ્ય છે તે તમામ પ્રયત્નો કરશે. દેશના કિસાનની તાકાત વધારવા આપણી સરકાર પ્રયત્નશીલ છે. આ વર્ષે ભારતના કિસાનોને કેન્દ્ર સરકાર બે લાખ કરોડથી પણ વધુ રાહત આપશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે, આઝાદી પહેલાં દેશભરમાં અસહકારની ચળવળ ચલાવવામાં આવી હતી. જ્યારે આજે સહકારની ચળવળનો સમય છે. અસહકારથી સહકાર સુધીની આ યાત્રા જ સમૃદ્ધિના દ્વાર ખોલશે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે, આત્મનિર્ભરતામાં ભારતની અનેક મુશ્કેલીઓનો ઉકેલ છે. આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે સહકાર એ બહેતરીન મોડેલ છે. “સહકારથી સમૃદ્ધિ” - સહકારી ક્ષેત્રના ભારતના આ મહાસંમેલનમાં ઉપસ્થિત સહકારી ક્ષેત્રના દિગ્ગજો અને સહકારી ક્ષેત્રને સફળ બનાવનાર સેનાનીઓ અને જૂના સાથીઓને તેમણે અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, ગુજરાત એટલે



પણ સૌભાગ્યશાળી રહ્યું છે કે, પરમ પૂજ્ય ગાંધીજી અને સરદાર પટેલનું નેતૃત્વ ગુજરાતને મળ્યું છે. પૂજ્ય બાપુએ સહકારથી સ્વાવલંબનનો જે માર્ગ દેખાયો હતો, સરદાર વલ્લભભાઈ પટેલે તેને જ સાકાર કરવાનું કામ કર્યું છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના સહકારી ક્ષેત્રના અગ્રણી શ્રી વૈકુંઠભાઈ મહેતાનું સ્મરણ કર્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે, શ્રી વૈકુંઠભાઈ મહેતાની સ્મૃતિમાં એક ભવનનું નિર્માણ થયું છે, તે પણ બિસ્માર હાલતમાં હતું. કેન્દ્ર સરકારે આ અંદાજપત્રમાં શ્રી વૈકુંઠભાઈ મહેતાની સ્મૃતિમાં કાર્યરત ક્ષેત્રના વિકાસ માટે રૂ.૨૫ કરોડની ફાળવણી કરી છે અને આ કામને વધારે તાકાતવર બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, દેશના ગ્રામીણ અર્થતંત્રને સમૃદ્ધ બનાવીને ટકાવી રાખવામાં ડેરી ઉદ્યોગનો ફાળો મહત્ત્વનો પૂરવાર થઈ રહ્યો છે. આજે ભારત દૂધ ઉત્પાદનક્ષેત્રે વિશ્વનો સૌથી મોટો દેશ બન્યો છે. જેમાં ગુજરાતનો સિંહફાળો છે. એક વર્ષ દરમિયાન ભારતમાં કુલ આઠ લાખ કરોડ રૂપિયાનું દૂધ ઉત્પાદન થાય છે. આ સમગ્ર વ્યવસ્થામાં દેશની માતાઓ-બહેનોનું અનેરું યોગદાન છે.

તેમણે ઉમેર્યું કે આઝાદીનો આ અમૃતકાળ લઘુ અને મધ્યમકદના ઉદ્યોગોને, નાના દુકાનદારોને વધુ સક્ષમ બનાવવાનો કાળ બની રહેશે. નાના વેપારીઓને વેચાણની ઉમદા તકો મળે તે માટે Open N^a^work for Digital Commerce (ONDC)નું ડિજિટલ પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવ્યું છે. પડકારો સામે સમાધાન શોધવામાં જ સહકારની ખરી કસોટી છે, ત્યારે અમારી સરકારનો સમગ્ર પ્રયાસ આપત્તિને અવસરમાં પલટવાનો છે. આજે આવા અનેક પ્રકલ્પો થકી નવી સિદ્ધિઓ હાંસલ કરવામાં મદદ મળી છે.

# વીજ માગ વધતા સપ્ટેમ્બરમાં કોલસાની અછતની શક્યતા

### ઊર્જા મંત્રાલયની આંતરિક સમિતિએ સંકેત આપ્યા : જુલાઈ-સપ્ટેમ્બરના ત્રિમાસિક સમયગાળામાં માંગ પ્રમાણે કોલસામાં ૪૨.૫ મિલિયન ટનની અછત આવી શકે છે

નવી દિલ્હી, તા.૨૮

ચાલુ નાણાકીય વર્ષ (૨૦૨૨-૨૩)ના બીજા ત્રિમાસિક ગાળામાં એટલે કે સપ્ટેમ્બરમાં પૂરા થતા ત્રિમાસિક ગાળા દરમિયાન ભારતને કોલસાની ભારે અછતનો સામનો કરવો પડી શકે છે કારણ કે, ત્યારે વીજળીની માંગ વધવાની આશા છે. ઊર્જા મંત્રાલયની આંતરિક સમિતિએ પોતાના રિપોર્ટમાં આ વાત કહી છે, તેનાથી દેશમાં વ્યાપક વીજ કાપનું જોખમ વધી ગયું છે.

એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે, જુલાઈ-સપ્ટેમ્બરના ત્રિમાસિક સમયગાળામાં માંગ પ્રમાણે કોલસાના પુરવઠામાં ૪૨.૫ મિલિયન ટનની અછત આવી શકે છે. આ અછત છેલ્લા સંકટથી ૧૫% વધારે હોઈ શકે છે જ્યારે વીજળીની વધારે માંગને કારણે અછત ઉત્પન્ન થઈ હતી.

આ ગંભીર પૂર્વાનુમાન ભારતમાં ઈંધણની અછતને એવા સમયમાં દર્શાવી રહ્યું છે જ્યારે છેલ્લા ૩૮ વર્ષોમાં વીજળીની વાર્ષિક માંગમાં સૌથી તેજ વધારો જોઈ શકાય છે અને રશિયા-યુક્રેન યુદ્ધના કારણે કોલસાના પુરવઠામાં અછત આવી છે અને કોલસાની વૈશ્વિક કિંમતો રેકોર્ડ સ્તર પર પહોંચી છે.

આ સંજોગોમાં ભારતે તાજેતરના દિવસોમાં પાવર પ્લાન્ટ્સ પર કોલસાની આયાત વધારવા માટે દબાણ વધાર્યું છે અને ચેતવણી આપી છે કે, જો પાવર પ્લાન્ટ્સ આયાત કરીને તેમની કોલસાની ઈન્વેન્ટરીઝ નહીં બનાવે તો તે સ્થાનિક રીતે ખનન કરાયેલા કોલસાના પુરવઠામાં ઘટાડો કરશે.

મંત્રાલયની પાવર પ્રેઝન્ટેશનની એક સ્લાઈડમાં આ બતાવવામાં આવ્યું હતું કે,

● અનુસંધાન પાન-૭ પર

# ભારતમાં રશિયાથી આવી રહી છે ક્રૂડની સૌથી મોટી ખેપ

### ભારતને મળી ગયો સસ્તા ઓઈલનો ખજાનો : રશિયાના જહાજો હાલમાં લગભગ ૭૪થી ૭૯ મિલિયન બેરલ ઓઈલ લઈને નીકળી ગયા હોવાનું જણાવાઈ રહ્યું છે

નવી દિલ્હી,તા.૨૮

રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધના કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં છેલ્લા બે મહિનાથી આગ લાગેલી છે. દુનિયાભરના ગરીબ દેશોની અર્થવ્યવસ્થાઓ આ મોંઘા ઓઈલથી મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે, પરંતુ ભારતને આ યુદ્ધ વચ્ચે સસ્તા ક્રૂડનો એક નવો ભાગીદાર મળી ગયો છે.

ભારત પોતાની જરૂરિયાતના માત્ર ૪ ટકા ક્રૂડ જ રશિયાથી આયાત કરે છે. પરંતુ, બદલાતી સ્થિતિઓમાં રશિયન ઓઈલની સૌથી મોટી ખેપ ભારત અને ચીન તરફ આવી રહી છે. રિપોર્ટ મુજબ, રશિયાના જહાજો હાલમાં લગભગ ૭૪થી ૭૯ મિલિયન બેરલ ઓઈલ લઈને નીકળી ગયા છે.

ુક્રેન પર ફેબ્રુઆરીમાં થયેલા આક્રમણ પછી આવેલા ઓઈલ કરતા તે બેગણું વધારે છે. એ સમયે ૨૭ મિલિયન બેરલ ઓઈલ મોકલાયું હતું. મે મહિનામાં આ અંતર હજુ વધશે તે નિશ્ચિત છે. ભારત એપ્રિલમાં રશિયન યુરાલ ક્રૂડના સૌથી મોટા ખરીદાર તરીકે ઊભર્યું છે. યુક્રેન યુદ્ધના કારણે રશિયાના પારંપરિક ખરીદાર યુરોપીયન દેશ બિઝનેસ ડીલ નથી કરી રહ્યા, જેના કારણે રશિયાનું યુરાલ ક્રૂડ નીચલા સ્તર પર છે. હાલ બ્રેન્ટ ક્રૂડ ઓઈલની સરખામણીમાં યુરાલ ક્રૂડ પર ભારતને ૪૦ ડોલર સુધીની છૂટ મળી રહી છે.

કોમોડિટી ઈન્ટેલિજન્સ ફર્મ કપ્લરના આંકડા મુજબ, રશિયાએ એપ્રિલમાં ભારતને ૬,૨૭,૦૦૦ બેરલ પ્રતિ દિન ક્રૂડ ઓઈલ મોકલ્યું હતું, જ્યારે માર્ચમાં તેણે ૨,૭૪,૦૦૦ બેરલ મોકલ્યું હતું. જ્યારે ફેબ્રુઆરીમાં આ આંકડો શૂન્ય હતો.






# સિમેન્ટ કંપનીઓ સિમેન્ટના ભાવ થેલીએ રૂપિયા ૫૫ વધારશે

નવી દિલ્હી, તા.૨૮

ભારતમાં ચોતરફ મોંઘવારીનો માર જોવા મળી રહ્યો છે. દેશની અગ્રણી સિમેન્ટ ઉત્પાદક કંપની ઈન્ડિયા સિમેન્ટે ભાવવધારાની જાહેરાત કરી છે. શ્રીનિવાસન અને ટોચના બિઝનેસ ટાઈકૂન રાધાકિશ્ન દામાણીના નેજા હેઠળની ઈન્ડિયા સિમેન્ટ શંકર સુપર પાવર, કોરોમંડલ કિંગ અને રાશી સુપર બ્રાન્ડ હેઠળ સિમેન્ટનું વેચાણ કરે છે.

ચોંકાવનારી વાત એ છે કે અન્ય સિમેન્ટ કંપનીઓ ભાવ ઘટાડવાનું વિચારી રહી છે અને ઈન્ડિયા સિમેન્ટે ભાવમાં વધારો કરવાની જાહેરાત કરી છે જ્યારે અન્ય સિમેન્ટ કંપનીઓ ભાવ ઘટાડવાનું વિચારી રહી છે. ઉંચી પડતર સામે ટકી રહેવ આ ભાવવધારો કરવામાં આવશે.

ઈન્ડિયા સિમેન્ટના વાઈસ પ્રેસિડેન્ટ અને મેનેજિંગ ડિરેક્ટર એન શ્રીનિવાસને શુક્રવારે જણાવ્યું કે કંપની સિમેન્ટની કિંમતમાં ૫૫ રૂપિયા પ્રતિ બેગ વધારો કરવાની યોજના ધરાવે છે. આ વધારો તબક્કાવાર કરવામાં આવશે. તેમણે કહ્યું કે કંપની ૧ જૂને પ્રતિ બેગ સિમેન્ટની કિંમતમાં ૨૦ રૂપિયા, ૧૫ જૂને ૧૫ રૂપિયા અને ૧ જુલાઈએ ૨૦ રૂપિયાનો વધારો કરવા જઈ રહી છે. આ રીતે ૧ જુલાઈ સુધી કુલ ૫૫ રૂપિયાનો વધારો કરવામાં આવશે. શ્રીનિવાસને જણાવ્યું હતું કે સિમેન્ટની કિંમતમાં વધારો થવાથી કંપનીની ઉંચા પડતરની સમસ્યા દૂર થશે.

આ સિવાય દેવું ઘટાડવા માટે કંપની તેની ૨૬,૦૦૦ ચોરસ ફૂટ જમીનનો એક હિસ્સો વેચીને એસેટ મોનેટાઈઝેશનથી ઉભી થનાર રકમ વડે લોનની ચુકવણી અને મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટને સુધારવા માટે કરવામાં આવશે તેમ શ્રીનિવાસને ઉમેર્યું હતું.

# જમ્મુના ડોડામાં બસ પલટી ખાતાં ૨૫ મુસાફરો ઘાયલ

શ્રીનગર, તા.૨૮

જમ્મુ-કશ્મીરમાં શનિવારે સવારે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. જમ્મુના ડોડા જિલ્લામાંથી આવી રહેલી બસ ઉધમપુરના બટ્ટલ બલિયા વિસ્તારમાં પલ્ટી ખાઈ જતાં ૨૫ મુસાફરો ઘાયલ થઈ ગયા હતા. ઘાયલ લોકોને ઉધમપુર જિલ્લાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે ૬ મુસાફરોને જમ્મુની સરકારી હોસ્પિટલમાં રેફર કરવામાં આવ્યા છે. ઘાયલોમાં અમુકની હાલત ગંભીર છે. આ રોડ અકસ્માત શા કારણે થયો તેની જાણકારી હાલમાં મળી શકી નથી. પોલીસ ટીમ દુર્ઘટનાની તપાસ કરી રહી છે. પોલીસ અધિકારીઓનું કહેવુ છે કે, સંભવતઃ ડ્રાઈવરની ઉંઘના કારણે બસ પર કંટ્રોલ કરી શક્યો નહીં હોય. જેના કારણે આ દુર્ઘટના થઈ હોય બીજા પાસાને પણ તપાસવામાં આવી રહ્યા છે. ઘાયલ લોકોને સારામાં સારી સારવાર આપવામાં આવી રહી છે. તે જ સમયે, હરિયાણાના જીંદ જિલ્લામાં બ્રાહ્મણવાસ ગામ પાસે એક સ્કૂલ બસ અને રોડવેઝની બસ વચ્ચે અથડામણમાં ઓછામાં ઓછા ૧૩ બાળકો ઘાયલ થયા હતા.





**VISITING FACULTIES NEEDED**

**URICM - Sector-30, Gandhinagar**

Require following subject faculties for various programmes

(1) Sales Management
(2) E-Commerce
(3) Supply Chain Management
(4) Merchandising Management
(5) Management Information System.

Apply within 15 days
For Details, Visit Website
www.urimanage.org.in

તાત્કાલિક ઘરે બેઠા લોન

પર્સનલ • બિઝનેસ
મોર્ગેજ • વ્હિકલ • પ્રોપર્ટી
દરેક પ્રકારની લોન
આજેજ અમારી એપ ડાઉનલોડ / લોગઈન કરો.
www.cashbox365.com
Cash Box 365 INSTANT CASH
ANDROID APP ON Google play
Download on the App Store
Customer Care : 6355371895, 8849179975

**ગૃહમાતા જોઈએ છે**

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત આર.એસ. ચૌધરી કન્યા છાત્રાલય અને ચૌધરી મહિલા કોલેજ હોસ્ટેલ માટે પાંચ (૫) અનુભવી ગૃહમાતા જોઈએ છે. ધોરણ-૧૨થી ઉપર શૈક્ષણિક લાયકાત ધરાવતા મહિલા ઉમેદવારોએ નીચેના સરનામે પ્રમાણિત પ્રમાણત્રો સાથે દિન દશ (૧૦) માં ટપાલથી અરજી મોકલાવવી.

પ્રમુખ/મહામંત્રી,
શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગર
માતૃશ્રી જોઈતીબા મહિલા કોલેજ સંકુલ
એસ.ટી.ડેપો સામે, સેક્ટર-૭, ગાંધીનગર. પી.ન.૩૮૨૦૦૭, ટે.નં.૦૭૯-૨૩૨૨૩૧૦૭